# પૂર્વભૂમિકા

ભૌતિક સુખોની પાછળ મુકાયેલી આંધળી દોટમાં આપણે એક અમૂલ્ય વારસાને તો ક્યારનાયે ભૂલી ગયા છીએ.

આપણી એ ઘેલછાના મૂળમાં છે આપણો સ્વાર્થ અને અને આપણો લોભ.

તમને નથી લાગતું કે આપણે એ વારસા વિશે જાણવું જોઈએ? એનું જતન કરવું જોઈએ? એ જળવાઈ રહે એ રીતે જીવતાં શીખવું જોઈએ?

સાચે જ, એ વારસો એટલો મહત્ત્વનો છે કે એને સાચવવો એ આપણો જીવનમંત્ર બનવો જોઈએ. આપણી પોતાની અને આપણા પછી, ભવિષ્યમાં આ ધરતી પર આવનારી પેઢીઓની સુખાકારી માટે પણ એ વારસાને જાળવવો આવશ્યક છે.

આપણા પછીની પેઢીઓને આપવા જેવો ખરો વારસો આ જ તો છે!

## અનુક્રમ

1. પ્રકરણ 1 - રાતની નીરવ શાંતિ . . . . . . . . . . . . . . . . . . . . . . 2

2. પ્રકરણ 2 - બારીની બહાર . . . . . . . . . . . . . . . . . . . . . . . . 8

3. પ્રકરણ 3 - બગીચામાં . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 14

4. પ્રકરણ 4 - સાહસની શરૂઆત. . . . . . . . . . . . . . . . . . . . . . 20

5. પ્રકરણ 5 - બહારની દુનિયા . . . . . . . . . . . . . . . . . . . . . . 26

6. પ્રકરણ 6 - એક નવી શરૂઆત . . . . . . . . . . . . . . . . . . . . . 32

7. પ્રકરણ 7 - જીવનશૈલી. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 40

8. પ્રકરણ 8 - એક અતિથી, એક મિત્ર . . . . . . . . . . . . . . . . . . 52

9. પ્રકરણ 9 - સાચી શક્તિ . . . . . . . . . . . . . . . . . . . . . . . . 54

10. પ્રકરણ 10 - પરિવર્તન તરફ . . . . . . . . . . . . . . . . . . . . . 58

ઉપસંહાર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 64

રાતની નીરવ શાંતિ





‘સહમ, ચાલો બેટા, સુવાનો સમય થઈ
ગયો...’ સહમ ચોપડી વાંચી રહ્યો હતો,
અને પ્રકરણનું છેલ્લું પાનું ફેરવવા ગયો ત્યાં
જ એની મમ્મીનો અવાજ આવ્યો.
એ પ્રકરણનું મથાળું હતું,
‘વિશ્વમાં બનેલી દુર્ઘટનાઓ.’

એ પુસ્તક સહમની નાનીએ એને 11મી
વર્ષગાંઠ ઉપર ભેટ આપ્યું હતું.

‘હા, મમ્મા,’ સહમે જવાબ તો આપ્યો, પણ એના મગજમાં હજી પેલું પ્રકરણ જ રમી રહ્યું હતું. થોડા મહિના પહેલાં જ કોવિડની મહામારીની શરૂઆત થઈ હતી. દુનિયાએ આવી ભયાનકતા અગાઉ કદી જોઈ હતી કે નહીં એ વિશે જાણવા સહમ આતુર હતો, પણ પેલા પુસ્તકે હજી સુધી આ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહોતો.

બ્રશ કરતી વખતે પણ એના મનમાં એ જ વિચાર ચાલતો હતો. ત્યાં જ એનાં નાની ડગુમગુ ચાલતાં એના રૂમમાં આવ્યાં. ‘ચાલો બેટા સહમ, તને સરસ મજાની રીતે સુવાડી દઉં!’ નાનીના અવાજમાં વહાલ નીતરતું હતું. સહમ મલકાઈ ઊઠ્યો. જલદી જલદી એણે ટૂથપેસ્ટ થૂંકી નાખી અને કોગળા કરતોક ને ભાગ્યો નાની પાસે. આખી દુનિયામાં એની સૌથી વહાલી વ્યક્તિ કોઈ હોય તો એ હતાં એનાં નાની. જ્યારથી કોવિડ આવ્યો હતો ત્યારથી એનાં નાની એની સાથે રહેવા આવ્યાં હતાં, અને કમ સે કમ એ કારણથી એને કોવિડ હકીકતમાં ગમતો હતો! છેલ્લા કેટલાયે મહિનાઓથી સુવાનો સમય એનો ખાસ માનીતો સમય બની ગયો હતોઃ નાની એને વહાલથી સુવડાવતાં અને ક્યારેક વળી અલકમલકની વાર્તાઓ પણ વાંચી સંભળાવતાં.

એ નાનીની સોડમાં લપાઈ ગયો. નાનીમાંથી આવતી ખાસ સુગંધ એને ગજબની શાતા આપતી.

'નાની...' એણે કાંઈક વિચારીને કહ્યું. 'બોલ, બેટા, શું વાત છે?' એણે નાનીના કરચલીવાળા હસતા મોઢા સામે જોયું. એમના ચહેરા પરની કરચલીઓ કોઈ ઝાડની ડાળીઓ જેવી હતી અને એમના વાળ સફેદ વાદળાં જેવા હતા. વાદળછાયા આકાશ નીચે સાઇકલ ચલાવવાની એને મજા આવતી.

'નાની, આવી મહામારી તમે પહેલાં જોઈ છે?' એણે પૂછ્યું. નાનીએ જરા વિચારીને જવાબ આપ્યો, 'આવી મહામારી તો નહીં, પણ બીજી ઘણી આપત્તિઓ મેં જોઈ છે.' પછી જરા વાર અટકીને એમણે આંખ મીંચકારી, 'જો ને, કેટલી ઘરડી છું!'

'નાની...' નાનીને સહમની મોટી આંખોમાં ચિંતા દેખાઈ.

એમણે પ્રેમથી સહમના માથે ટપલી મારીને કહ્યું, 'જો બેટા, બધું સરખું થઈ જશે. આજ પહેલાં પણ આપણી દુનિયા આવી આપત્તિઓમાંથી હેમખેમ બહાર આવી ગઈ છે અને આ વખતે પણ બધું સમુંસૂતરું થઈ જશે. અને બીજી એક વાતઃ તેં જોયું છે કે ધરતી કેટલી ખુશખુશાલ દેખાય છે? પ્રકૃતિએ આપણને બધાંને ઘરમાં પૂરી દીધાં છે અને એ જરી વાર પોરો ખાઈ રહી છે.'

આ સાંભળીને સહમને નવાઈ લાગી. એણે આવું વિચાર્યું નહોતું, પણ વાત સાચી હતી. બગીચાની હવામાં વધુ તાજગી હતી, અને એની ગલીમાંનાં ઝાડ પણ

આવાં લીલાં છમ્મ કદી નહોતાં દેખાતાં. થોડા દિવસો પહેલાં એ ઊઠ્યો ત્યારે એને એક નવતર પક્ષી પણ દેખાયું હતું. માણસજાતના હસ્તક્ષેપથી મુક્ત થયેલી પ્રકૃતિ માતા જાણે નવીન રહસ્યો છતાં કરી રહી હતી.



‘પણ નાની, માત્ર માણસોને જ કેમ આમ ઘરમાં પૂરી દીધા છે?’

‘જો બેટા, હું કાંઈ વૈજ્ઞાનિક નથી, પણ મને લાગે છે કે થોડા થોડા સમયે ધરતી માતા આપણને શિખામણ આપતી રહે છે. કદાચ આ વખતે એ આપણને ધીરા પડવાનું કહે છે. આપણને જે રીતે પ્રકૃતિનો દુરુપયોગ કરવાની ટેવ પડી ગઈ છે એનાથી દૂર રહેવાનું એ કહી રહી છે.’

સહમે માથું હલાવ્યું. જવાબમાં શું કહેવું એ એને સમજાયું નહીં, પણ એને નાનીની વાત સાચી લાગી. એને સમજાયું કે મહામારીના ચક્કરમાં ખરાબની સાથે કાંઈક સારું પણ થઈ રહ્યું હતું.

‘ગૂડ નાઇટ, નાની!’ એણે ધીમેથી કહ્યું.

‘ગૂડ નાઇટ, બેટા!’ નાનીએ હસીને કહ્યું. સહમ હળવેથી ઊંઘમાં સરી પડ્યો. સપનામાં એને વાદળી આકાશ અને કલબલાટ કરતાં પક્ષીઓ દેખાયાં.